ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્ર એલર્ટ

**જિલ્લા કલેક્ટરે તમામ અધિકારીઓને ફરજનું સ્થળ નહિ છોડવા તેમજ ગ્રામ્ય વિસ્તારો સાથે સતત સંપર્કમાં રહેવા સૂચનાઓ આપી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદ થવાની આગાહીના પગલે જિલ્લા કલેક્ટરે જિલ્લાતંત્રને એલર્ટ મોડ પર મુક્યુ છે.

જિલ્લાના તમામ મામલતદારો અને અધિકારીઓને ફરજનું સ્થળ નહિ છોડવા તેમજ સતત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો સાથે સંપર્કમાં રહી પરિસ્થિતિ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપી છે.

તેમણે જિલ્લા આપત્તિ કેન્દ્ર સાથે પણ સતત સંપર્ક બનાવી રાખવા માટેની સૂચનાઓ આપી છે. આ ઉપરાંત સ્થળાંતર કરાવવાનું થાય તો તે માટેની વ્યવસ્થા પણ તાત્કાલિક ગોઠવી દેવામાં આવે એટલુ જ નહિ આ માટે વાહનોની સુવિધા સહિતની યોગ્ય વ્યવસ્થાઓ કરવાની સૂચના આપી છે.

વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થાઓનું પુનરાવલોકન કરી સેવા તેમજ ગ્રામ્ય વિસ્તારોના જળાશયોની સ્થિતિ બાબતે પણ સમીક્ષા કરી લેવી. વૃક્ષો પડી જાય તો તાત્કાલિક તેને દૂર કરવામાં આવે અને ટ્રાફિક જામની સ્થિતિ ઉભી ના થાય તે જોવા પણ ખાસ સૂચનાઓ આપી છે.

આ ચોમાસાની સિઝનમાં પહેલીવાર તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ છે. જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં ૭૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. નદી કિનારાના ગામોમાં પણ લોકો કિનારા પર જાય નહિ તે જોવા પણ તેમણે તાકીદ કરી છે. જિલ્લામાં આ વખતે હજુ ભારે વરસાદ કહી શકાય તેવો વરસાદ થયો નથી. જોકે જિલ્લામાં વીજળી પડવાની ચાર જેટલી ઘટનાઓ અત્યાર સુધીમાં બની હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં હાલ જે વરસાદ થયો છે અને ખરીફ વાવણીની સીઝન પણ અંતિમ તબક્કામાં છે ત્યારે તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ છે.

૨૩મી તારીખે જિલ્લામાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે તેમજ કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ બુલેટીનના અંક ૪૦ માં કરવામાં આવેલી છે જે ઉલ્લેખનીય છે.

# શહેરમાં બીજા દિવસે વાતાવરણમાં ભીંજારો

**સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસતા સેક્ટરોમાં ભીંજારો : સેક્ટરવાસીઓ વરસાદી સમસ્યાથી ત્રસ્ત : દવા છંટકાવના અભાવ વચ્ચે મચ્છર અને જીવાતના ઉપદ્રવથી રોગચાળાની દહેશત**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં ગઈકાલે તોફાની વરસાદ બાદ આજે પણ દિવસ દરમિયાન સતત વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. આખો દિવસ વરસાદી છાંટણા ઝરમર વરસતા રહ્યા હતા. સેકટરોમાં વરસાદી સમસ્યાઓથી પણ સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરોમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધતા રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પણ પ્રબળ બની છે.

ગાંધીનગરમાં ગઈકાલે મેઘરાજા મનમુકીને તોફાની અંદાજમાં વરસ્યા હતા સવારે આક્રમક ગાજવીજ વચ્ચે ધોધમાર વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં બે ત્રણ વાર તોફાની વરસાદના અંતે રોજબરોજ ઝરમરિયો વરસાદ વરસી રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો હતો. દિવસ દરમિયાન સતત વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ પણ ઘટતા

● અનુસંધાન પાન-૭ પર



# શહેરમાં કોરોના કુલ ૭૦૫ કેસો

**સે. ૨૬ માં ૩, સે. ૨ માં ૩, સે. ૨૮ માં ૨ ઉપરાંત સે. ૨૨, ૨૫, ૭, ૩૦ અને ૧૯ માંથી પણ કેસો મળ્યા : આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : પાંચ મહિલા દર્દીઓ પણ આજે નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો ૭૦૦ના આંકને પાર કરી ગયા છે. આજે વધુ ૧૩ કેસ શહેરમાં નોંધાયા છે આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૦૫ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૬ માંથી ૩, સે. ૨ માંથી ૩ અને સે. ૨૮ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૨, સે. ૨૫, સે. ૭, સે. ૩૦ અને સે. ૧૯ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. તંત્ર દ્વારા શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની નવી ગાઈડલાઈન પ્રમાણે છેલ્લા ત્રણેક દિવસમાં ૭૦ થી વધારે વિસ્તારોને મુક્ત કરવામાં આવ્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે પાંચ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા ૫૨ ની આસપાસ હાલ હોવાનું જાણવા મળેલ છે.

ક્વોરોન્ટાઈન કર્યા છે. તંત્રએ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે.

સે. ૨૬ માં ઘરમાં જ નાની કટલરીની દુકાન ધરાવતી એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલા

સે. ૨૨ માંથી એક ૬૦ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વડીલને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તંત્રએ આ વડીલના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જીઆઈડીસીની ખાનગી

માંથી પણ આજે વધુ ૩ કેસ નોંધાયા છે જેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માંથી એક ૧૦ વર્ષીય કિશોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કિશોરના પરિવારે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ કિશોરના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માંથી વર્ગ-૪ માં નોકરી કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પરિવારના સાત સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માં રહેતા સાઈટ એન્જીનીયર તરીકે નોકરી કરતા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા

ગાંધીનગર શહેરમાં સે. ૨૬ એ હોટસ્પોટ જેવુ બની ચુક્યુ છે. આજે આ સેક્ટરમાંથી ૩ કેસ નોંધાતા તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે કટલરીની દુકાન ધરાવતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આ વેપારીના પરિવારના પાંચ સભ્યોને હોમ

વેપારીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી એક ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ વૃદ્ધના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

કંપનીમાં નોકરી કરતો અને સે. ૨૫ માં રહેતા એક ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ યુવાનના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોના માટે હોટસ્પોટ બની ચુકેલા સે. ૨

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૪ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૮, કલોલ-માણસામાં ૩-૩ કેસ નોંધાયા**

**આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૮ કેસ, કલોલમાં ૩ કેસ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં મહિલા દર્દીઓની સંખ્યા ૬ છે. જિલ્લામાં મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત મહુન્દ્રા ગામેથી પણ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજા ગામ જે વેપારી મથક ગણાય છે આ ગામ પણ હોટસ્પોટ કોરોના માટે બની ચુક્યુ છે. આ ગામમાંથી પણ આજે એક કેસ ૫૯ વર્ષીય પુરૂષનો નોંધાયો છે.

યાત્રાધામ તરીકે ઓળખાતા અને સાંસદ આદર્શ ગામ માટે પસંદગી પામેલ રૂપાલ ગામેથી પણ એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટમાંથી ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરને અડીનો આવેલ સરગાસણ ગામમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૩૮ વર્ષીય મહિલા અને ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. આ ૩ કેસ મહિલા દર્દીઓના છે. એક ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે.

કલોલ તાલુકાના મુબારકપુરા ગામેથી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૫૭ વર્ષીય મહિલાનો તેમજ ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજયના ત્રણ શિક્ષકોનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન થશે

અમદાવાદ,તા.૨૨

શિક્ષક દિન નિમિત્તે રાજયના ત્રણ શિક્ષકોનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન થશે. સ્પેશ્યલ કેટેગરીમાં સુધાબેન જોશીને એવોર્ડ મળવા જઈ રહ્યો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કંજેલી ગામના પ્રકાશચંદ્ર નરભેરામ સુથાર તેમજ મૂળી તાલુકાના ટીંટાણના મહિપાલસિંહ સજનસિંહ જેઠાવતનો સમાવેશ થાય છે.

## અવસાન ટેલીફોનીક બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **નાથીબેન મોહનભાઈ મકવાણા** (ગામ-રણાસણ, તા. વિજાપુર, જી. મહેસાણા)નું તા. ૨૧/૮/૨૦૨૦ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું રવિવારે તા. ૨૩/૮/૨૦૨૦ના રોજ સવારે ૮-૦૦થી ૧૨-૦૦ કલાકે** રાખેલ છે.

**વર્તમાન સંજોગોને કારણે તમામ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.**

**નિવાસસ્થાન : ૧૭૧, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર**

લી.

**સ્વ. મોહનભાઈ મકવાણાના પુત્રો તથા પુત્રી**

ડો. ભરતભાઈ - મો. ૯૮૭૯૧૪૩૧૩૨

ગૌતમભાઈ - મો. ૬૩૫૫૦૯૦૮૭૬

ભૂપેન્દ્રભાઈ - મો. ૯૭૩૭૪૪૮૯૯૭

સુનીતાબેન - મો. ૭૩૮૩૬૧૩૬૯૫

**સ્વ. દલસુખભાઈ જી. મકવાણા (બાપુજી)ના પુત્રો**

પ્રહલાદભાઈ, દિનેશભાઈ, હસમુખભાઈ

**ઈશ્વરભાઈ જી. મકવાણા (કાકા)ના પુત્રો**

ભાવેશભાઈ, વિક્રમભાઈ, કમલેશભાઈ

## દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ગણપતભાઈ નેનજીભાઈ વાઘેલા** (માજી સરપંચ) ગામ : પાલજ, તા. જી. ગાંધીનગર તા.૨૧/૮/૨૦૨૦ના રોજ દેવલોક પામ્યા છે.

**વર્તમાન પરિસ્થિતિને કારણે સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા. ૨૪/૮/૨૦૨૦ને સોમવારના રોજ રાખેલ છે.**

**સરનામું : ગામ : પાલજ, માતાવાળો ભાગ, રોહિતવાસ, તા.જી. ગાંધીનગર**

વાઘેલા કમળાબેન ગણપતભાઈ (પત્ની)
વાઘેલા કિરીટભાઈ ગણપતભાઈ (પુત્ર)
વાઘેલા પ્રફુલભાઈ ગણપતભાઈ (પુત્ર)
વાઘેલા લક્ષ્મણભાઈ નેનજીભાઈ (ભાઈ)
વાઘેલા ગિરીશભાઈ અબ્બાલાલ (ભત્રીજા)
વાઘેલા ભરતભાઈ શંકરભાઈ (ભત્રીજા)
વાઘેલા અમરતભાઈ બાલાભાઈ (ભત્રીજા)
વાઘેલા મહેશભાઈ લક્ષ્મણભાઈ (ભત્રીજા)
વાઘેલા જયદિપ કિરીટભાઈ (પૌત્ર)
વાઘેલા કુલદિપ પ્રફુલભાઈ (પૌત્ર)
પરમાર પારૂલબેન દિલીપભાઈ (દિકરી)
પરમાર દિલીપભાઈ પુજાલાલ (જમાઈ)

# શહેરમાં જોખમી આવાસો ખાલી કરાવવા માટે યાદી તૈયાર

**જોખમી આવાસો ખાલી કરી નિકાલ બાદ જગ્યા ખુલ્લી કરાશે : બિન અધિકૃત વસવાટના મામલે પણ ફરિયાદો વધુ : આવાસો ખાલી કરાવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં સરકારી આવાસોની જોખમી સ્થિતિ તંત્ર માટે ચિંતાનો વિષય છે. અકેબાજુ સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તબક્કાવાર ભયજનક આવાસો ખાલી કરાવી નિકાલ હેઠળ લેવામાં આવી રહ્યા છે. સર્વેના અંતે તંત્ર પાસે ભયનજક મકાનોની યાદી તૈયાર છે. ત્યારે હવે આવાસો ખાલી કરાવાની પ્રક્રીયામાં ઝડપ કરવા ગતિવિધિ હાથ ધરાઈ છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે હાલ સેકટરોમાં સ્થિત આવાસા પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. આવા સંજોગોમાં એકબાજુ આવાસ રીનોવેશનનુ કામ ચાલી રહ્યુ છે. તબક્કાવાર આવાસોના રીનોવેશનની કામગીરી સાથે અત્યંત ભયજનક મકાનો પણ તોડવામાં આવી રહ્યા છે. આ મામલે અત્યાર સુધી તંત્ર દ્વારા બે વાર સર્વે હાથ ધરાયો છે. હાલ પણ સેકટરોમાં આવાસોની સ્થિતિ મામલે તંત્ર દ્વારા ભયજનક મકાનો ખાલી કરાવવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. તંત્રના ચોપડે ભયનજક મકાનોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. જેના અંતે જોખમી આવસો તોડી તેનો તબક્કાવાર નિકાલ કરવા માટે કામગીરી પણ ચાલી રહી છે. જયારે સેકટરોમાં નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરાયા બાદ હાલ આ આવાસોમાં કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોનો વસવાટ પણ છે. જયારે સે-૬ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. બીજીતરફ શહેરમાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે આગામી દિવસોમાં જગ્યા આખરી કરવામાં આવશે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોમાં વારંવાર છતમાંથી પોપડા ખરતા હોવાની સાથે ધરતીકંપ તેમજ વરસાદ વાવઝાડોના સંજગોમાં પણ જોખમી આવાસોની સ્થિત તંત્ર માટે ઘેરી ચિંતાનો વિષય બને છે. આવા સંજોગોમાં ભયજનક આવાસોનો નિકાલ કરવા માટે પણ જોખમી મકાનો ખાલી કરાવાની કામગીરી હવે ઝડપથી હાથ ધરવા માટે ચક્રો ગતિમાન થયા છે. આ ઉપરાંત આવાસોમાં બિન અધિકૃત વસવાટનો મામલો પણ શિરદર્દ સમાન બન્યો છે. બદલી તેમજ નિવૃતિના કિસ્સામાં આવાસો ખાલી કરાયા ન હોય તેવી પણ ઘણી ફરિયાદો છે.

# મહેસુલી કામગીરીને ઝડપી બનાવવા કલેક્ટરની કડક તાકીદ

**જિલ્લામાં પડતર નોંધો, તકરારી નોંધાના નિકાલ તેમજ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમના અમલીકરણ અંગે પણ તંત્ર દ્વારા નજર રાખવા પણ સુચના**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જિલ્લાના મહેસુલી અધિકારીઓ સાથે યોજેલી વિડીયો કોન્ફરન્સમાં મહેસુલી કામગીરીમાં ગતિ આવે તે જોવા માટેની સૂચનાઓ આપી છે.

## જિલ્લા કલેક્ટરે જિલ્લાના મહેસુલી અધિકારીઓ સાથે વિડીયો બેઠક કરી સૂચનાઓ આપી

જિલ્લા કલેક્ટરે ગઈકાલે મહેસુલી અધિકારીઓ સાથે બેઠક કરી હતી જેમાં ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યક્ષેત્ર માટે તેમજ પશુપાલનના દવાખાનાઓ માટે જે જગ્યાની માંગણીઓ આવી છે તે માટે જમીનો નીમ કરવાની કામગીરી ઝડપથી કરવામાં આવે તેવો આગ્રહ કર્યો છે.

જિલ્લાના જે ગ્રામ્ય વિસ્તારોમાં ગામતળ અને ગૌચર માટે નીમ કરવાની દરખાસ્તો પણ ઘણા સમયથી પેન્ડીંગ પડી છે તેનો પણ નિકાલ કરવામાં આવે તે જોવા જણાવ્યુ છે. જિલ્લાના ૪૦ થી વધુ ગામોમાં આજે પણ ગામતળની જગ્યા રહી નથી.

જિલ્લામાં પડતર નોંધો, તકરારી નોંધાના નિકાલ તેમજ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમના અમલીકરણ અંગે પણ તંત્ર દ્વારા નજર રાખવામાં આવે તે માટે જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે મહેસુલી વર્ષ જે તાજેતરમાં સંપન્ન થયુ છે તેમાં મહેસુલી વસુલાતની નબળી કામગીરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જિલ્લામાં નવા મહેસુલી વર્ષમાં આવક વધે તે માટે અત્યારથી જ તંત્ર દ્વારા આયોજન અને અમલીકરણ થાય તેમ તેમણે કહ્યુ હતુ.

જિલ્લા પંચાયતની ચૂંટણીઓ જે આગામી દિવસોમાં આવવાની છે તે અંગેની પૂર્વ તૈયારીઓ પણ હાથ ધરવા જિલ્લા કલેક્ટરે જરૂરી માર્ગદર્શન સાથે સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ થાય તે જોવા પર તેમણે ભાર મુક્યો હતો. આ બેઠકમાં તેમણે ચોમાસાની સ્થિતિ અંગે પણ સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com